॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्वितम्
सव्यनोद्धृतबालकामपरस्तो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥





ધ ટાઈમ્સ ઓફ

# કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**

વર્ષ : ૧૬ અંક : ૧૮૭ તા.૧૫-૦૮-૨૦૨૫ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH


- **ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ આયોજીત વિદ્યાર્થી સન્માન સમારંભમાં અભૂતપૂર્વ ૨૩૦ કરતા વિશેષ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન.**
- **રજીસ્ટ્રેશન થયેલ માર્કશીટોની ચકાસણી ચાલી રહેલ છે અને ઈનામપાત્ર વિદ્યાર્થી ભાઈ-બહેનોને ડિજીટલ આમંત્રણ પત્રિકા મોકલવામાં આવશે.**
- **આ કાર્યક્રમ ફક્ત આમંત્રીતો માટે જ મર્યાદીત છે.**

**કાર્યક્રમની વિગત : તા. ૧૪-૦૯-૨૦૨૫ ને રવિવાર સવારે ૯-૦૦ કલાકે**

**કાર્યક્રમનું સ્થળ**

જે.બી. ઓડીટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન,
આઈ.આઈ.એમ. રોડ, પાંજરા પોળ ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ.


Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com

# સ્વ. કનૈયાલાલ અને સ્વ. લીલાબેન
# તેમજ સમસ્ત કંસારા સમાજનું ગૌરવ

ચિ. દર્શને BE IT  અમદાવાદની પ્રસિધ્ધ LD College of Eng 2020 માં પૂર્ણ કર્યું ત્યાર બાદ 2.5 વર્ષ IBM બેંગલોર અને પૂનામાં Software Devloper તરીકે અનુભવ લઈ Master of Applied Computer Science, Concordia University Canada મા પૂર્ણ કર્યું. માસ્ટરનાં અભ્યાસની સાથે સાથે SAP Lab, Montreal Canada માં Intership પૂર્ણ કરી. July 2025 માં Work Visa તરીકે Capco Company માં Software Devloper તરીકે Service મળી છે.



**ચિ. દર્શન ની પ્રગતિ માટે સ્વ. કનૈયાલાલ વ્રજલાલ કંસારા પરિવાર અને સમસ્ત કંસારા સમાજ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.**

દર્શન તેનાં જીવનમાં સફળતાનાં નવા શિખરો સર કરી પરિવાર અને સમસ્ત કંસારા સમાજનું ગૌરવ વધારે તેવા શુભાષિષ સાથે અમો સૌ શુભેચ્છા પાઠવીએ છીએ.

## * શુભેચ્છક *

(દાદા) સ્વ. કનૈયાલાલ વ્રજલાલ કંસારા
(દાદી) સ્વ. લીલાબેન કનૈયાલાલ કંસારા
(મોટા પપ્પા) મનોજકુમાર કનૈયાલાલ કંસારા (Mo. 9723508002)
(ફોઈ) રીટાબેન પી. શાહ ● (ફોઈ) સોનલબેન ડી. કંસારા
(પપ્પા) ડૉ. ભદ્રેશકુમાર કનૈયાલાલ કંસારા
(મમ્મી) ડૉ. મયુરીબેન ભદ્રેશકુમાર કંસારા

(નાના) ચિમનલાલ કાનજીભાઈ ઘેલાણી
(રિટાયર્ડ SBI મેનેજર, રાજકોટ)
(મામા) નિતીનભાઈ સી. ઘેલાણી
Executive Eng. (GEB) (9909929088)
(મામી) પ્રજ્ઞાબેન નિતીનભાઈ ઘેલાણી
બહેન : આરસી, વિધી
ભાઈ : પ્રથમ, અપૂર્વ

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
"બી" બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦

કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

આપ સર્વે ક્ષેમ કુશળ હશો તેવી હું આશા રાખું છું.

હાલમાં આપણા સૌના હિન્દુ ધર્મનો પવિત્ર શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે. જે ઓગસ્ટ મહિનાની ૨૩ ની તારીખે પૂર્ણ થનાર છે. આ શ્રાવણ મહિના દરમિયાન - રક્ષાબંધન - શીતળા સાતમ - જન્માષ્ટમી - જેવા પવિત્ર ધાર્મિક તહેવારો, ખૂબ ધાર્મિક વાતાવરણ વચ્ચે આપણે સૌએ મનાવ્યા. અને ચાલુ મહિનાની ૨૭ મી તારીખથી આપણા આરાધ્ય દેવ ગણપતિ દાદાના પવિત્ર તહેવારની પણ શરૂઆત થશે. અને તે ધાર્મિક વાતાવરણમાં આપડે સૌ ઓતપ્રોત થઈ આપણાં આરાધ્ય દેવ ગણપતિ દાદાની ખરા ભાવથી પૂજા આરાધના કરી આપડે ગણપતિ દાદાની આર્શિવાદ મેળવીશું.

આ ઉપરાંત આપણા સૌ દેશવાસી ઓનો રાષ્ટ્રીય તહેવાર એટલે ૭૯ મો પ્રજાસત્તાક દિન, એટલે કે ૧૫ મી ઓગસ્ટને દિવસે પણ આપણાં દેશ માટે શહીદી વહોરનાર શહીદો - સ્વતંત્ર્ય સેનાનીઓની કુરબાનીને યાદ કરીને સાચી રાષ્ટ્રીય ભાવનાથી રાષ્ટ્ર ધ્વજને સલામી આપી દેશ પ્રત્યેની સાચી વફાદારી અને દેશના વિકાસમાં સહયોગ આપીએ તેવો સંકલ્પ લઈએ.

વિશેષમાં સમસ્ત કંસારા સમાજ જ્યારથી સ્થાપના થઈ છે કે આજ દિન સુધીના દિવસો પર્યંત સમાજના તમામ હોદ્દેદારો - કારોબારી સભ્યો અને - અગ્રગણ્ય કાર્યકરો હંમેશા સમસ્ત કંસારા સમાજના મૂળભૂત હેતુઓ લક્ષમાં રાખી સમગ્ર કંસારા જ્ઞાતિના વિકાસના અવિરત કાર્યો કરી રહી છે. તેમજ અત્યાર સુધી કોઈ કાર્યના અભાવે વિકાસ અટકેલો નથી. આ સમાજના તમામ હોદેદારો / કારોબારી સભ્યો અને સક્રિય કાર્યકરો સંસ્થાના પાયાના મૂળ ઉદ્દેશો એટલે કે ઓબીસી માટે સતત પ્રયત્નશીલ રહેલ છે. છેલ્લે જૂન -૨૦૨૫ ના માસમાં ઓબીસી પંચને સ્મૃતિ પત્ર પાઠવી તા. ૨૬-૦૬-૨૦૨૫ ના રોજ સમાજ હોદેદારો અને અગ્રગણ્ય કાર્યકરોએઓ ઓબીસી પંચના અધ્યક્ષ માનનીય ઢોલરીયા સાહેબની ગાંધીનગર મુકામે રૂબરૂમાં મુલાકાત લઈ બાકી રહેલ સર્વે વેળાસર ચાલુ કરવા પણ વિનંતી કરેલી છે. આ સમાજના તમામ હોદ્દેદારો, સમાજનો પ્રાણ પ્રશ્ન જે ઓબીસી છે એના માટે સંપૂર્ણ કાર્યરત છે. અને તેઓની ફરજ ની પૂરતી સભાનતા છે.જે આપ સૌ જ્ઞાતિ જનોને ધ્યાન પર લાવું છું. તેમજ આ સમાજ સંચાલિત દર ત્રણ વર્ષે પરિચય મેળાનું પણ આયોજન થયેલ છે. તેમજ સમાજના વિકાસમાં યુવાન ભાઈઓની સેવાઓથી જ સંસ્થાની વિકાસ કૂચ હંમેશા ગતિ કરી રહી છે.

આંમ છતાંય પણ કેટલાક સ્નેહી મિત્રો દ્વારા સોશિયલ મીડિયા મારફતે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે આ સંસ્થાની ટીકા કરી અને અપ્રચાર કરી રહેલ છે. તે ઘણી દુખદ બાબત છે. અને આવી સોશિયલ મીડિયા મારફતે ચાલતા અપ્રચારત દૂર રહી અને આ મિત્રો પણ આ સંસ્થાની વિકાસ કૂચમાં હકારાત્મક અભિગમ અપનાવી સાથ સહકાર આપે તેવી વિનંતી કરું છું.

બાકી રહી, આ સંસ્થાની ચૂંટણીની વાત આ વાત બાબતે વારંવાર કારોબારી સભ્યોની મિટિંગમાં સ્પષ્ટતા કરવામાં આવી રહી છે કે :- જ્યાં સુધી આ સંસ્થાનું મૂળ બંધારણ હાલની ચૂટણીની પ્રક્રિયા માટે બાધા રૂપ હોઈ, તેમાં જરૂરી સુધારા વધારા કરી તે સુધારાવધારા માન્ય થાય ત્યારબાદ ચૂંટણી યોજવી શક્ય અને સરળ છે. જેથી બંધારણમાં અનુકૂળ સુધારો કરાવી ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા અને સંસ્થાના વહીવટમાં સરળતા રહે તે હેતુથી સ્કિમની અરજી કરવામાં આવેલ છે, જેઅરજી મહેરબાન ચેરિટી કમિશનર સાહેબ અમદાવાદ સમક્ષ પડતર છે અને તેનો આખરી હુકમ ના થાય ત્યાં સુધી ચૂંટણી કરવી સંસ્થા માટે વહીવટી રીતે શક્ય નથી.

જેથી આ સંસ્થાના વિકાસ માત્ર ચૂંટણીથી જ અટકેલો છે અને ચૂંટણી કરીએ તો જ વિકાસ થાય તેવી માન્યતા કેટલાક માનનીય સભ્ય શ્રીઓ દ્વારા રજૂઆત કરી પ્રચાર કરી રહ્યા છે. તેથી તેવા સભ્ય મિત્રોને વિનંતી કે, મે ચેરિટી કમિશનર સાહેબ સમક્ષ જે સ્કીમની અરજી પડતર છે તેના નિકાલમાં હકારાત્મક સહયોગ આપે અને તેનો નિકાલ થાય તેવા સહકારની અપેક્ષા રાખીએ છીએ.

આપ સૌના સહકાર આપ સૌનો સાથ તો સંસ્થાનો વિકાસએ સૂત્ર ધ્યાન રાખી સર્વે સભ્યશ્રીઓ સહકાર આપે તેવી નમ્ર વિનંતી સાથે વિરમું છે. જ્ઞાતિના સર્વે વડીલો - ભાઈ બહેનો - યુવાનોને મારા જયશ્રી કૃષ્ણ - જય ગોપાલ - જય માતાજી - જય સ્વામિનારાયણ - જય મહારાજ.

આપનો સ્નેહાધીન - ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# મેરેજ બ્યુરો

– અનંતભાઈ શેઠ : ૯૬૩૮૨૨૫૫૩૩, હસમુખભાઈ ખાખી : ૯૮૨૫૩૦૭૧૫૧

સમસ્ત કંસારા સમાજ સંચાલીત મેરેજ બ્યુરોની સ્થાપના ૨૦૧૪ ની વસંત પંચમીના શુભ દિવસે થયેલ આજે ધીમે ધીમે સશક્ત બની ૧૦ વર્ષ પૂર્ણ કરી અગીયારમાં વર્ષમાં હરણફાળ ભરી આગળ વધી રહી છે. આદર પામી રહી છે. સાથો સાથ ૨૦૧૫ ના વસંત પંચમીના દિવસે ઓન લાઈનમેરેજ બ્યુરોની વેબ સાઈટ શરૂ કરેલ છે. જેથી દર ત્રણ વર્ષે યોજાતા યુવા-યુવતી પરિચય મેળાનું સફળતા પૂર્વક સંચાલન કરી કંસારા સમાજના વિવિધ ગોળ ઘટકના લગ્ન ઈચ્છુક યુવા-યુવતીઓના પસંદગીના જીવન સાથી મેળવવામાં મદદરૂપ થવાનું ગૌરવ અનુભવે છે. બહુજ ઓછા ઓનલાઈન મેરેજ બ્યુરો સતત ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી સંચાલન કરવામાં સફળ રહેલ છે.

સમસ્ત કંસારા સમાજ સંચાલીત મેરેજ બ્યુરોના કાર્યને કંસારા સમાજના દરેક ગોળ ઘટક તરફથી પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યુ છે. તેને કારણે "સમસ્ત કંસારા મેરેજ બ્યુરો" સશક્ત બની આગળ વધી તેના કાર્યો કરી રહ્યું છે.

સમસ્ત કંસારા સમાજ સંચાલીત મેરેજ બ્યુરો દ્વારા સમસ્ત કંસારા જ્ઞાતિના ગોળ ઘટકના દરેક લગ્ન ઈચ્છુક યુવા-યુવતી રૂા. ૫૦૧/- ની ફી ભરી ઓનલાઈન નામ નોંધાવી શકે છે. રજીસ્ટ્રેશન કરાવી શકે છે. જે "રજીસ્ટ્રેશન" ત્રણ વર્ષ સુધીનું હોય છે. તેમજ મેરેજ બ્યુરો દ્વારા દર ત્રણ વર્ષે થતા સમસ્ત કંસારા સમાજ સંચાલીત મેરેજ બ્યુરો દ્વારા યુવા-યુવતી પરિચય મેળાનું આયોજન થાય છે. તેમાં પણ ઉપરોક્ત નોંધણી કરાવેલ સભ્યોને લાભ લેવાનો અવસર મળે છે.

તા. ૦૭-૦૧-૨૦૨૪ ના રોજ આજ પ્રકારે સમસ્ત કંસારા સમાજ મેરેજ બ્યુરો દ્વારા સમસ્ત કંસારા જ્ઞાતિના યુવા-યુવતીના નવમાં "પરિચય મેળા"નું આયોજન કરવામાં આવેલ હતું. જેના ઉત્કૃષ્ટ પરિણામ સ્વરૂપે ઘણા બધા જ્ઞાતિના યુવા-યુવતીના સંબંધો બંધાયાના સમાચાર જાણવા મળેલ છે.

સમસ્ત કંસારા સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરો કાર્યરત છે અને ઉપરોક્ત નવમાં પરિચય મેળામાં ભાગ લેવામાં વંચીત રહી ગયેલ અને લગ્નોત્સુક આશરે ૭૦ થી વધુ ઉમેદવારોએ અત્યાર સુધી નવું રજીસ્ટ્રેશન કરાવેલ છે. આજની તારીખમાં કુલ ૪૮૦ યુવા-યુવતીનું રજીસ્ટ્રેશન થયેલ છે. રજીસ્ટ્રેશન કરાવીને દરેકે પોતાની પુરી પ્રોફાઈલ ભરેલ ન હોય આગ્રહભરી વિનંતી છે કે રજીસ્ટ્રેશન બાદ રૂા. ૫૦૧/- સમાજની ઓફીસમાં જમા કરાવ્યા બાદ એડમીન તેમનું એકાઉન્ટ એકટીવેટ કરે ત્યાર પછી લોગીનમાં જઈને પુરી પ્રોફાઈલ ભરે તો જ તેમનો બાયોડેટા અન્ય જોઈ શકે ને તેઓ અન્યનની મેચીંગ પ્રોફાઈલ જોઈ શકે.

જે ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તેઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે છે. તેઓ "WWW.SAMASTKANSARA.COM" વેબ સાઈટ ખોલી પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન કરીને ત્રણ વર્ષ માટે રૂા. ૫૦૧/- ફી ઓન લાઈન સમસ્ત કંસારા સમાજના ખાતામાં જમા કરાવીને એડમીન (મો. : ૯૮૨૫૬૦૭૧૫૧) હસમુખભાઈ ખાખીને જાણ કરવાથી ઉમેદવારોનું ઓન લાઈન રજીસ્ટ્રેશન એકટીવેટ કર્યા બાદ ઉમેદવાર પોતાની સંપૂર્ણ પ્રોફાઈલ ભરી રજીસ્ટ્રશન પૂર્ણ થતા તેઓ અન્ય મેચીંગ પ્રોફાઈલ ઘરે બેઠા જોઈ શકશે.

નવમાં પરિચય મેળામાં ભાગ લીધેલ જે ઉમેદવારોએ પોતાની પ્રોફાઈલ પૂર્ણ રીતે ભરેલ નથી તેઓને વિનંતી કે તેઓ પોતાની પ્રોફાઈલ લોગીનમાં જઈ સંપૂર્ણ રીતે ભરીને નવા નોંધાયેલ ઉમેદવારોની પ્રોફાઈલ જોઈ શકશે. જેઓએ પોતાનો પાસવર્ડ નથી બનાવ્યો તેઓ યુઝર આઈ.ડી.માં પોતાનો મેલ એડ્રેસ અને પાસવર્ડમાં આપેલ મોબાઈલ નંબર નાખી લોગીન થઈ શકશે.

**ખાસ સૂચના :** જે ઉમેદવારોએ પ્રોફાઈલ પૂર્ણ નહી ભરે ત્યાં સુધી તેઓ નવા ઉમેદવારોની પ્રોફાઈલ જોઈ શકશે નહિ. આથી દરેક ઉમેદવારોએ પોતાની પ્રોફાઈલ પૂર્ણ ભરવી ફરજીયાત તથા અનિવાર્ય છે.

જે ઉમેદવારોને પ્રોફાઈલ પૂર્ણ કરવામાં તકલીફ પડે તો એડમીનના વોટસએપ પર શેર કરવા વિનંતી.

**એડમીન શ્રી હસમુખભાઈ ખાખી મો. : ૯૮૨૫૩૦૭૧૫૧**

**ખાસ નોંધ :** સમસ્ત કંસારાના ભળતા નામે ઓનલાઈન "વિડિયો પરિચય મેળો" અને ઓન લાઈન ફોર્મ ભરાવીને જે લોભામણી જાહેરાત આપી જે સંસ્થાઓ ઉભી કરેલ છે. તેવી સંસ્થા સાથે "સમસ્ત કંસારા" સમાજને કોઈ લેવા દેવા નથી. અવાર-નવાર સમસ્ત કંસારા સમાજની ઓફીસમાં આ અંગે ફોન દ્વારા પૂછપરછ કરવામાં આવે છે. માટે આ ખુલાસો કરવો અનિવાર્ય છે.

**"આભાર"**

### સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરો

સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરોમાં ઉમેદવારોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કર્યા બાદ રૂા. ૫૦૧/-નો ચેક "સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)" ના નામનો લખીને સમાજની ઓફીસ પર મોકલી આપવો. અથવા સમાજના ઉપરોક્ત નામના બેંક એકાઉન્ટ નંબર ૧૦૫૪૨૯૦૫૫૦૦ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એસ.પી.પી.બી.બી. બ્રાંચ, અમદાવાદ IFS Code : SBIN0060129 માં ભરીને અથવા SBI ની કોઈપણ શાખામાં ભરીને વોટસએપ નંબર ૯૩૭૪૬૪૫૬૬૯ (ખજાનચી શ્રી મનીષભાઈ બી. કંસારા) અને નંબર ૯૮૨૫૩૦૭૧૫૧ (મેરેજ બ્યુરો શ્રી હસમુખભાઈ ખાખી)ને અચુક જાણ કરવી.

|| શ્રી ગણેશાય નમઃ ||　　　　　　　　　　|| શ્રી મહાકાલી પ્રસન્નોસ્તુ ||

# શ્રી કંસારા પ્રગતિ મંડળ, નડીયાદ અને શ્રી મહાકાલી અને એજ્યુકેશન સેવા ટ્રસ્ટ નડિયાદ તેમજ શ્રી કંસારા વુમેન્સ વીંગ, નડિયાદ આયોજીત ૫૩ મો વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ સને ૨૦૨૩-૨૪

સંચાલન કર્તા : સી.કે. કંસારા (પ્રમુખ) શ્રી કંસારા પ્રગતિ મંડળ ને શ્રી મહાકાળી એજ્યુકેશન સેવા ટ્રસ્ટ નડિયાદ.



તારીખ : ૨૦-૦૭-૨૦૨૫ રવિવાર બપોરે ૩-૦૦ કલાકે

સ્થળ : શ્રી કંસારા જ્ઞાતિ નાના કુંભનાથ મહાદેવ અને ચામુંડા ટ્રસ્ટ નડિયાદનો બેન્કવેટ હોલ, નડિયાદ.

**સમારંભના મહાનુભાવો**

(૧) **મુખ્ય અતિથિ વિશેષશ્રી :** શ્રી વિપુલભાઈ ચંદ્રકાન્તભાઈ કંસારા (વડોદરા), પ્રો. શ્રી મહાકાલી મેટલ વર્કસ, વડોદરામાં

(૨) **અતિથિ વિશેષશ્રી :** (૧) શ્રીમતી ડૉ. રૂચિતાબેન અભિષેક કંસારા (અમદાવાદ), એમ.એસ.સી. (ગોલ્ડ મેડાલીસ્ટ) પી.એચ.ડી. એન્વાયરમેન્ટ સાયન્સ, હાલ પ્રોજેકટ હેડ એન્ડ રીસર્ચર ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી - ગાંધીનગર.

(૨) શ્રી ડૉ. હિતાર્થ જીજ્ઞેશભાઈ કંસારા (નડીયાદ) પી.એચ.ડી. ઈન કોમર્સ - હાલ આસી. પ્રોફેસર, એમ.એસ. યુનિવર્સીટી વડોદરા.

આ ૫૩ માં વાર્ષિક ઈનામ વિતરણ સમારંભમાં (૧) **પ્રાર્થના ગીત** રજુ કરનાર - કુ.મીષ્ટી પ્રાંજલ કંસારા અને કુ. કેશ્વા ચિંતન કંસારા.

(૨) **સાંસ્કૃતિક કાર્યક્રમ** (૧) ડાન્સ રજુ કરનાર કુ. પ્રાગ્વંશી અશેષ કંસારા, કુ. મીસરી મીકેન કંસારા, કુ. નૈશ્વી અમિત કંસારા. (૨) **ડાન્સ-૨** રજુ કનાર કુ. ક્રિશા હાર્દિક કંસારા, કુ. વંશી નિલેષ કંસારા, કુ. આર્ચી નૈમીન કંસારા, કુ. દિશા ગૌરાંગ કંસારા, કુ. તીથી પરાગ કંસારા, કુ. દેવાંશી નિરવ કંસારા વિગેરેએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા.

નડીયાદના ગુજરાતી (અમદાવાદી) કંસારા જ્ઞાતિના પરિવારોના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પૈકી (૧) પ્લેગૃપથી સીની. કેજી, (૨) ધોરણ-૧ થી ૯ (૩) ધોરણ-૧૦ થી ૧૨ અને (૪) સ્નાતક, અનુસ્નાતક ડીગ્રી - ડીપ્લોમાં અને તેનાથી ઉચ્ચ અભ્યાસક્રમોમાં - તેમજ પરદેશની ડિગ્રી - જે સને ૨૦૨૩-૨૦૨૪ ના શૈક્ષણિક વર્ષમાં લેવાયેલ વાર્ષિક પરીક્ષાઓમાં સૌથી વધુ માર્કસ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. તેવા જ્ઞાતિના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજવામાં આવેલ.

ઉપસ્થિત મહાનુભાવોનો પરિચય અનુક્રમે શ્રી અનિલભાઈ



શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૯૯૮૦૩૬૬૩૩૬



આર. વૈદ્ય (વાલાભાઈ), શ્રીમતિ નિરાલી અષેશ કંસારા અને શ્રી અર્પણભાઈ કૌશિકભાઈ કંસારાએ આપ્યો જયારે આ મહાનુભાવોનું ફુલકલગીથી સ્વાગત અનુક્રમે મંડળના પ્રમુખ શ્રી સી.કે. કંસારા, વુમેન્સ વીંગના પ્રમુખ શ્રીમતિ નિલમ ભાવેશ કંસારા અને પ્રગતિ મંડળના મંત્રીશ્રી મહેશભાઈ બી. કંસારાએ કર્યું હતું.

વર્ષ દરમ્યાન નડીયાદની જ્ઞાતિના અવસાન પામેલા સ્વર્ગસ્થ જીવાત્માઓને બે મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરી.

શ્રી કંસારા પ્રગતિ મંડળના પ્રમુખશ્રી સી.કે. કંસારાએ, કાર્યક્રમમાં હાજર રહેલા જ્ઞાતિજનો, વિદ્યાર્થી-વિદ્યાર્થીઓ - કાર્યક્રમના મુખ્ય અતિથિ વિશેષ - અતિથિ વિશેષશ્રીઓને આવકારતા શાબ્દિક પ્રવચન દ્વારા સ્વાગત કર્યું. તેમજ પ્રમુખ તરીકે શ્રી કંસારા પ્રગતિ મંડળ અને વુમેન્સ વીંગ દ્વારા ૫૩ વર્ષથી થઈ રહેલ શૈક્ષણિક ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિઓનો અહેવાલ રજુ કર્યો.

બાદમાં સને ૨૦૨૩-૨૦૨૪ ના શૈક્ષણિક વર્ષમાં પ્લેગૃપ-જુની કેજી અને સીનીયર કેજીના ઉતીત્રણ થયેલ તમામ નાના બાળકોને તેમજ ધોરણ-૧ થી ૩ માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ ત્રણ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને અતિથી વિશેષ ડૉ. શ્રી હિતાર્થ-કંસારાના વરદ હસ્તે તેમજ ધોરણ-૪ થી ૭ આ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પૈકી પ્રથમ-૩ ને ઈનામ વિતરણ, અતિથિ વિશેષ ડૉ. શ્રીમતિ રૂચિતાબેન કંસારાના વરદ્ હસ્તે તેમજ ધોરણ-૮, ૯ અને ૧૦ પ્રથમ નંબરે આવનારા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનો મુખ્ય અતિથિ વિશેષશ્રી વિપુલભાઈ ચંદ્રકાન્ત કંસારા (વડોદરા)ના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું.

ધો-૧૦ (બોર્ડની પરીક્ષા), ધો-૧૨ (બોર્ડની પરીક્ષા) અને સ્નાતકની પરીક્ષાઈઓમાં પ્રથમ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને જે તે દાતાઓના ફરતા શિલ્ડ, સમારંભના મુખ્ય અતિથિ વિશેષ શ્રી વિપુલભાઈ તેમજ અતિથિ વિશેષશ્રીઓ ડૉ. શ્રીમતિ રૂચિતા કંસારા તેમજ ડૉ. હિતાર્થ કંસારના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યા.

તેમજ ધો-૧૧ અને સ્નાતક, અનુસ્નાતકના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ ઈનામ પુરસ્કાર જ્ઞાતિના હાજર મહાનુભાવો સર્વ શ્રી જીગ્નેશભાઈ કે. કંસારા, શ્રી ગજેન્દ્રભાઈ કે. કંસારા, શ્રી સનતભાઈ ટી. કંસારા, શ્રી હેમલભાઈ એ. કંસારા, શ્રી હરેન્દ્રભાઈ બી. કંસારા, શ્રી પ્રહલાદભાઈ ટી. કંસારાના વરદ્ હસ્તે એનાયત કરાવમાં આવ્યા.

સમારંભના મહાનુભાવો પૈકી મુખ્ય અતિથિ વિશેષ શ્રી વિપુલભાઈ સી. કંસારાએ તેઓના પ્રાસંગિક પ્રવચનમાં જ્ઞાતિના પાસ થયેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી. કાર્યક્રમની આયોજક સંસ્થાનો આભાર માન્યો.

જ્યારે અન્ય અતિથિ વિશેષ ડૉ. શ્રીમતિ રૂચિતા અભિષેક કંસારાએ તેણીની ના વક્તવ્યમાં બાળકોના શૈક્ષણિક અને માનસિક વિકાસ અને સંસ્કારના સિંચનમાં વાલીઓનો સિંહ ફાળો રહેલો છે. જેથી વાલીઓએ ધ્યાન રાખી બાળકોના વિકાસ માટે પુરતા પ્રયત્નો જારી રાકવા જોઈએ. તેમજ સમાજની સંસ્થાના વિકાસમાં સહકાર



શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ



આપવો જરૂરી છે.

અન્ય અતિથિ વિશેષ ડૉ. શ્રી હિતાર્થ જીગ્નેશભાઈ કંસારાએ તેઓના વક્તવ્યમાં જણાવ્યું કે, કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી તે સૂત્ર ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓએ કારકીર્દી બનાવવા માટે ધ્યાન રાખવું જરૂરી છે. તેમજ મા-બાપ અને બાળકોમાં કારકીર્દી માટે આત્મવિશ્વાસ (Self Confidence) હોવો જરૂરી છે. આ બાબતો ધ્યાને રાખી યુવાનો-યુવતીઓને ઉજ્જવળ કારકીર્દી બનાવવા અપીલ કરી.

**જ્ઞાતિના સને ૨૦૨૩-૨૪ ના શૈક્ષણિક વર્ષના મુખ્ય તેજસ્વી તારલાઓ**

(૧) ધોરણ-૧૨ (ન્યુ.એસ.એસ.સી.) : મેથ ધવલકુમાર વ્રજમોહનભાઈ ૮૪.૩૩% (ફરતો શિલ્ડ વિજેતા).

(૨) ધોરણ-૧૨ (H.Sc.) સામાન્ય પ્રવાહ : આયુષ દેવેન્દ્રભાઈ હરીવંદનભાઈ ૮૨.૮૫ (ફરતો શિલ્ડ વિજેતા).

(૩) સ્નાતક બી.સી.એ. : કુ. ખુશી જયકુમાર અનિલભાઈ વૈદ્ય ૮૦% (ફરતો શિલ્ડ)

(૪) અનુસ્નાતક એમ.બી.એ. : કુ. સૃષ્ટિ તુષારભાઈ હરીવદનભાઈ - સી.પી.આઈ. 9.33

(૫) પરદેશની અનુસ્નાતકની પરીક્ષા એમ.એસ.સી.લંડન : ધ્રુવ વ્રિજેશભાઈ હરીવદનભાઈ - Over all credits 36.00

જીલ્લા કક્ષાની ક્રિકેટ ટીમમાં મેચમાં ૧૦૨ (સેન્ચુરી) કરનાર જ્ઞાતિના યુવાન ક્રિકેટર શ્રી જય મિથુનભાઈ સૂર્યકાન્તનું ફુલકલગીથી સન્માન કરવામાં આવ્યું.

શ્રી કંસારા પ્રગતિ મંડળના પ્રમુખશ્રી સી.કે. કંસારાએ કાર્યક્રમનું સમાપન જાહેર કરતાં (૧) શ્રી કંસારા જ્ઞાતિ નાના કુંભનાથ મહાદેવ ટ્રસ્ટ નડીઆદના ટ્રસ્ટીઓ (૨) ઈનામ/પુરસ્કાર/શિલ્ડ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનો તથા તેમના વાલીઓનો (૩) નડીયાદ કંસારા જ્ઞાતિ પંચના ટ્રસ્ટીશ્રીઓ - વિવિધ કમીટીના સભ્યશ્રીઓનો (૪) કાર્યક્રમમાં હાજર રહી સહકાર આપનાર જ્ઞાતિના તમામ વડીલો-ભાઈઓ-બહેનોનો (૫) તેમજ સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ કરી કાર્યક્રમનું સફળ સંચાલન કરનાર સર્વશ્રી અશેષ ઉપેન્દ્રભાઈ કંસારા, શ્રીમતિ ભાવિકાબેન પરાગભાઈ કંસારા અને શ્રી નક્ષ હેમલભાઈ કંસારાને તેમજ (૬) સીસ્ટમની વ્યવસ્થા કરવા બદલ શ્રી દર્શિલ અને શ્રી વિક્રમભાઈ (જેક), તેમજ (૭) કાર્યક્રમને સફળ બનાવવા પ્રત્યક્ષ-પરોક્ષ સહકાર આપનાર જ્ઞાતિજનોનો (૮) શ્રી કંસારા પ્રગતિ મંડળના કારોબારી સભ્યોનો તેમજ શ્રી કંસારા વુમેન્સવીંગની બહેનોનો જાહેર આભાર માની કાર્યક્રમનું સમાપન જાહેર કર્યું.

કાર્યક્રમને અંતે ભોજન સમારંભમાં ભાગ લેનાર જ્ઞાતિજનોએ ભોજન લઈ, ખૂબજ ઉત્સાહથી અને આનંદની અનુભૂતિના અહેસાસ સાથે સૌ છુટા પડ્યા.

જય માતાજી.



## શુભેચ્છા ભેટ

રૂા. ૧૧૧૧/- કંસારા કનૈયાલાલ એસ. -વડોદરા - ચિ. હાર્દના બર્થ-ડે નિમિત્તે - શુભેચ્છાભેટ.

રૂા. ૧૦૦/- કંસારા હાર્દિકભાઈ ભરતભાઈ - અમદાવાદ.

## નવા આજીવન સભ્યોની યાદી

૧ કંસારા હાર્દિક ભરતભાઈ - અમદાવાદ

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.




# શ્રી વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થી સત્કાર સમારંભ યોજાયો

શ્રી વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ તેમજ શ્રી વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ કેળવણી મંડળનાં સંયુક્ત ઉપક્રમે સાધારણ સભા તા. ૧૦-૦૮-૨૦૨૫ને રવિવારનાં રોજ ૧૦-૩૦ થી ૦૪-૩૦ કલાક સુધી જલારામ મંદિર પરિસર સભાગૃહમાં વિસનગર ખાતે બે બેઠકસત્રમાં યોજાઈ. જેમાં પ્રથમ બેઠકસત્રમાં કંસારા જ્ઞાતિની મહિલાઓનાં મહાકાળી ભજન મંડળ દ્વારા કુળદેવી શ્રી મહાકાળી માતાજીની સ્તુતિ-વંદના કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી. તેમજ મંચસ્થ સારસ્વતજનોનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ વર્ષ પર્યંત દિવંગત થયેલા જ્ઞાતિના સ્નેહીજનોને યાદ કરી, તેઓને સભામાં સામૂહિક શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. કેળવણી મંડળના પ્રમુખ શ્રી દેવાંશુભાઈ કંસારાએ સમગ્ર સભાને આવકારી, શાબ્દિક સ્વાગત કરી સંબોધ્યા. અમેરિકામાં ૨૦વર્ષથી નિવાસ કરતાં તેમજ વિશ્વ પ્રસિદ્ધ દ્વીકસ્રૈંટ કંપનીમાં ૈંહિર્ઁફ્ક્ષ્ડ્ડી જ્કુંર્કી ીહપ્ર્ૈહીં ી તરીકે સફળ સુકાન સંભાળતા અપૂર્વભાઈ દિલીપભાઈ કંસારાએ સમારંભના મુખ્ય મેહમાન તરીકે પોતાનું સ્થાન શોભાવી,પોતાના પ્રેરણાત્મક અનુભવો અભિવ્યક્ત કર્યા.આ સાથે પાટણ વતની નીતિનભાઈ રમેશભાઈ કંસારા, કે જેઓ પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ ઉઁફ્ઙ્ક્ષઝ બેંક તેમજ વર્તમાન સમયમા દ્બહ મ્ઠહૌહપ્ર ફ્લૈહઠ્ઠહષ્ઠી ર્ઝ્દ્બઠ્ઠહઅ નો પોતાનો સ્વાયત બીઝનેસ ધરાવતા અને અમદાવાદ, પાલનપુર વગેરે શહેરમાં જેમની બીઝનેસ શાખાઓ કાર્યરત છે.તેઓએ શૈક્ષણિક અભ્યાસની સાથે-સાથે કૌશલ્યવર્ધક કોર્સ દ્વારા કારકિર્દીની ક્ષિતિજો સર કરી શકાય છે.એમ ઉદાહરણ સહિત સમજાવી સમારંભના અતિથિ વિશેષ તરીકે બિરાજમાન રહી પોતાના મનનીય વિચારો અભિવ્યક્ત કર્યા. આ બંને મહાનુભાવોનું સાલ, પુષ્પગુચ્છ અને ''શ્રી રામ મંદિર આસ્થાનો વિજય'' પુસ્તકથી સત્કાર કરવામાં આવ્યો. કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ કંસારાની કંસારા જ્ઞાતિ પ્રત્યેની દીર્ઘકાલીન અવિરત કાર્યકુશળ નેતૃત્વરૂપી સેવાઓનું ગુણાનુવાદ કરી, તેઓને સત્કારવામાં આવ્યા.કેળવણી મંડળના પૂર્વ સક્રિય કારોબારી સભ્ય દિલીપભાઈ કંસારાની પ્રેરક ઉપસ્થિતિની નોંધ લઇ તેઓનું પણ અભિવાદન કરવામાં આવ્યું. કેળવણી મંડળના મંત્રી અતુલભાઈ અને રાકેશભાઈ દ્વારા ક્રમશઃ કેળવણી મંડળના વાર્ષિક હિસાબોનું વાંચન અને કેળવણી મંડળની વિવિધ વિદ્યાર્થીલક્ષી યોજનાઓનો પરિચયાત્મક ચિતાર રજૂ કરવામાં આવ્યો. આ સંદર્ભે સભામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ હકારાત્મક મુદ્રામાં સંકેત કરી અનુમોદના અભિવ્યક્ત કરી. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ દરમિયાન જ્ઞાતિના વિદ્યાર્થીઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને કેળવણી મંડળના કારોબારી સભ્ય તેમજ વિવિધ દાતાઓ દ્વારા શિલ્ડ, રજતચંદ્રક, ઈનામ વડે મંચ પર સત્કારવામાં આવ્યા. આ ઉપક્રમે ઉપસ્થિત જ્ઞાતિજનોએ વિદ્યાર્થીઓને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લઈ, તેઓના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરી. અભ્યાસ અને કારકીર્દી ક્ષેત્રે ઈઉજી પ્રમાણપત્રની ઉપાદેયતા સમજાવી, વિદ્યાર્થીલક્ષી વિવિધ સરકારી યોજનાઓથી લાભાન્વિત થવા વિદ્યાર્થીવર્ગને ડૉ.નિરવ કંસારાએ અવગત કર્યા. ત્યારબાદ કાર્યક્રમની મધ્યમાં સ્વરૂચિ સમૂહ ભોજન સમારંભ યોજાયો.

વિરામ બાદ દ્વિતીય બેઠક સત્રમાં જ્ઞાતિના પ્રમુખ ભરતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને જ્ઞાતિ વિષયક અગત્યના નિર્ણયોને જાહેર કરી

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

જ્ઞાતિજનોની સામૂહિક અનુમતિ મેળવી ઠરાવ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યા. કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી સુધીરભાઈ કંસારાની શારીરિક તકલીફને ધ્યાને લઈ તેઓના આજીવન સલાહકાર તરીકેની સેવાઓ આપવા તત્પર રહીશ. એવા સંકલ્પબદ્ધ વિનંતી ભર્યા રાજીનામાને ગ્રાહ્ય ગણવામાં આવ્યું. ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ, આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા. જ્ઞાતિના દાતાઓના દાનમાંથી શિષ્યવૃત્તિ યોજના અતર્ગત કોલેજના વિદ્યાર્થીઓને સન્માનિત ધનરાશી વડે સત્કારવામાં આવ્યા. કેળવણી મંડળની કારોબારી સમિતિનું વિસ્તરણ કરી યથાર્થ કંસારા, વૈશલ કંસારા, ચિંતન કંસારાની નવ નિયુક્તિ કરવામાં આવી.આ સમારંભમાં અપૂર્વ દિલીપભાઈ કંસારા- રૂા. ૧,૦૦,૦૦૦/-, સ્વ.રાજેશકુમાર ચંદુલાલ કંસારા- રૂા. ૨૫૦૦૦/-, પૂર્ણિમાબેન ભરતભાઈ કંસારા- રૂા.૨૫૦૦૦/-, નીતિનભાઈ રમેશભાઈ કંસારા- રૂા.૧૧,૦૦૦/- રૂપિયાનું અનુદાન અર્પી કેળવણી મંડળ પ્રત્યે કૃતજ્ઞતા જ્ઞાપિત કરી. કેળવણી મંડળના પ્રમુખ શ્રી દેવાંશુભાઈ કંસારાએ કેળવણી મંડળ હરણફાળ ગતિએ વિકાસ કરી શકે તેવા ઉદ્દેશ સાથે ૧૦૦ જેટલા જ્ઞાતિજનોને રૂા. ૫,૦૦૦/- અનુદાન આપવા આહ્વાનીત કર્યા. જેના ઉપક્રમે ૨૯ જ્ઞાતિજનોએ સ્વેચ્છાએ ત્વરિત સહયોગાત્મક નામ લખાવ્યા.આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દિપેન કંસારા અને હરકાંત કંસારાએ કર્યું તેમજ અંતિમ ચરણમાં વિરલભાઈ કંસારાએ આભારદર્શન કર્યું. સમૂહ રાષ્ટ્રગાન કરી સમારંભને પૂર્ણ ઘોષિત કરવામાં આવ્યો.



## કંસારા ટાઈમ્સની વિકાસ ફંડની યાદી

| | |
|---|---|
| રૂા. ૧૦૦૧/- | માવાણી જતીનભાઈ નવનીતરાય - વડોદરા |
| રૂા. ૧૦૦૧/- | માવાણી માલતિબેન નવનિતભાઈ - વડોદરા |
| રૂા. ૧૦૦૧/- | કંસારા કનૈયાલાલ એસ. - વડોદરા |
| રૂા. ૧૦૦૧/- | ગોરડિયા નિતીનભાઈ - વડોદરા |
| રૂા. ૧૦૦૧/- | કંસારા જૈમિની વી. - વડોદરા |
| રૂા. ૧૦૦૧/- | માવાણી દિપકભાઈ નવનીતરાય - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | શેઠ લલીતભાઈ નરભેરામભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | લાલાણી ગુણવંતરાય દલીચંદભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | ચિત્તલિયા ગીતેશભાઈ - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા ઉર્મિલાબેન વસંતભાઈ - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા કામિનીબેન વી. - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | શેઠ દિપકભાઈ - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા શિરીષ કે. - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા નિરંજનાબેન કે. વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા પ્રિતી સી. - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા મયુરભાઈ રણછોડલાલ - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા સતીશકુમાર એન. - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા શૈલેષભાઈ રમણીકલાલ - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | ગોરડીયા મહેન્દ્રભાઈ આર. - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા રજનીકાંતભાઈ એન. - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | ગુજરાતી રિકેશ નવિનચંદ્ર - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | ગોરડીયા વિશાખા એમ. - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | ખાખી રાજેન્દ્રભાઈ આર. - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | ખાખી પ્રિતી આર. - વડોદરા |
| રૂા. ૫૦૧/- | કંસારા હરકાંતભાઈ વિનુભાઈ - વાપી |





# કંસારા સમાજ – આણંદના તૃતીય વાર્ષિક સ્નેહ મિલનનો અહેવાલ

લીઃ સમસ્ત કંસારા સમાજ – આણંદ.

કંસારા સમાજ – આણંદના પ્રમુખ શ્રી તેજસભાઈની લીડરશીપ હેઠળ કંસારા સમાજ – આણંદનો તૃતીય સ્નેહમિલન કાર્યક્રમ તારીખ ૨૭-૦૭-૨૦૨૫ ના રોજ રવિવારે લાયન્સ હોલ ખાતે યોજવામાં આવેલ.

સમારંભના મુખ્ય મહેમાન પદે કંસારા સમાજ – ગુજરાતના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ કંસારા અને અભિષેક ભાઈ, અતિવર્ષા અને પારિવારિક પ્રસંગોમા વ્યસ્ત હોવા છતાં, અમારી વિનંતીને માન આપીને, ઉપસ્થિત રહી અમને ઉપકૃત કર્યા હતા. મંચસ્થ અન્ય મહાનુભાવોમા શ્રી જે. પી. છત્રાલા, સુરેશભાઈ દંગી, વિનોદભાઈ માવાણી અને મહિલા પાંખના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેવો નો પ્રમુખ શ્રી તેજસભાઈ અતિથિ વિશેષે તથા સ્ટેજ પર વડીલ શ્રી નો ટૂંકમાં પરિચય આપી તથા આગામી વર્ષ ની રૂપરેખા દર્શાવી કાર્યક્રમ ને વેગ અપ્યો હતો.

સમારંભની શરૂઆત એક પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યાર બાદ મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી સ્વાગત કરી, દીપ પ્રાકટ્ય બાદ, સમારંભનો શુભારંભ કરવામાં આવ્યો. શરૂઆતમાં સમારંભના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ કંસારાએ પ્રાસંગિક પ્રવચનમાં આણંદ ખાતે શરૂ કરવામાં આવેલા અમારા આ સંગઠનની સરાહના કરી અમને પ્રોત્સાહિત કર્યા હતા. અને અમારું સંગઠન આ જ રીતે ઉત્તરોત્તર પ્રગતી કરી રહે તેવી શુભકામના વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના બીજા દોરમાં શ્રી અભિષેકભાઈએ તેમની સામાજિક પ્રવૃત્તિ અંગે વિસ્તૃત જાણકારી આપી, તેઓ સમાજના ઉત્થાન માટે જે જે પ્રવૃતિઓ કરી રહ્યા છે તેની વિસ્તૃત માહિતી આપતા, તેમની કાર્યદક્ષતાનો પરિચય કરાવ્યો હતો. અને અમારા સંગઠનને જરૂર પડ્યે માનદ સેવાઓ આપવાનો પ્રસ્તાવ રજુ કરી અમને અનુગ્રહિત કર્યા હતા.

ત્યારબાદ શ્રી અમિતભાઈ કંસારાએ શ્રી સુરેશભાઈ દંગીનો પરિચય આપી તેઓએ શ્રી ઓશોના શ્રીમદ ભગવત ગીતા પરના હિંદી પ્રવચનો પરથી ગુજરાતીમાં ભાવાનુવાદ કરેલ ગ્રંથ "ગીતા દર્શન" વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે આ ગ્રંથ શ્રી પ્રવીણ પ્રકાશન – રાજકોટ દ્વારા સાતસો સાતસો પેજના બે ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેની વેચાણ કિંમત તેઓએ (બંને ભાગની સંયુક્ત) રૂા. ૧૮૦૦ નક્કી કરી છે. સમસ્ત કંસારા સમાજમાં, સમાજના કોઈ સભ્ય દ્વારા આવો મોટો ગ્રંથ, કોઈ પ્રકાશન સંસ્થા પ્રકાશિત કરે તેવી આ પ્રથમ જ ઘટના હશે. આ ગ્રંથનું સંપૂર્ણ ટાઈપીંગ શ્રી સુરેશભાઈએ જાતે જ કર્યું છે. વર્ષ ૨૦૨૨મા પ્રજાપિતા બ્રહ્માકુમારી – માઉન્ટ આબુ દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં – દેશ વિદેશમાંથી આવેલા ૯૦ થી વધુ નિબંધોમાં શ્રી સુરેશભાઈના નિબંધને સર્વોત્તમ જાહેર કરી રૂ. એક લાખનું ઈનામ પણ કેરાલાના રાજ્યપાલ શ્રી આરીફ મોહમ્મદ ખાન સાહેબના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. તેની જાણકારી પણ આપવામાં આવી હતી.

ત્યારબાદ શ્રી સુરેશભાઈએ પ્રાસંગિક ઉદબોધન કરી, તેઓએ પ્રભુ પ્રેરણાથી સંપાદિત કરેલા આ "ગીતા દર્શન" ગ્રંથ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

ત્યાર પછી સમાજના બાળકોએ વિવિધ મનોરંજક કાર્યક્રમો રજુ કરી તેમની પ્રતિભાના દર્શન કરાવ્યા હતા. અને દરેક બાળકોને વિવિધ ઈનામોથી સન્માનિત કરી તેમને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા.

પુરા દિવસ વર્ષાના માહોલમાં પણ સમાજના દરેક સભ્યોએ આ સમારંભમાં હાજરી આપી, સંગઠનની એકતાના દર્શન કરાવી સમારંભને ચાર ચંદ લગાવી દીધા હતા. અંતે સ્વરુચિ ભોજન પછી સમારંભ પૂર્ણ ઘોષિત કરવામાં આવ્યો.

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી
સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

# જીંદગીનો આખરી પડાવ - વૃદ્ધાવસ્થા

- કમલેશ કંસારા (અમદાવાદ)

વૃદ્ધાવસ્થા એ જીંદીગનો આખરી પડાવ છે. જ્યાંથી આગળ મૃત્યુનું વિશાળ પરંતુ અજ્ઞાત જગત ખૂલે છે. ન રાહ, ન મંઝીલ.... બસ ખબર નથી હોતી કે આગળ શું હશે ? વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ આસ્તિક બની જાય છે. યુવાનીમાં શહેરના મોટા મંદિરોમાં પગ ન મૂકનાર વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં રસ્તા પર બનેલી નાનકડી ડેરી પાસે પણ મસ્તક ઝુકાવતો થઈ જાય છે. યુવાનીમાં ઈશ્વર ચર્ચાનો વિષય બને છે જ્યારે વૃદ્ધાવસ્થામાં ઈશ્વર એ આસ્થાનું કેન્દ્ર બની જાય છે

વૃદ્ધ વ્યક્તિ માટે સૌથી મોટી તકલીફ આપનારી જો કોઈ બાબત હોય તો તે છે એકલતા. પરિવારમાં સાથે રહેવું અને જાત સાથે એકલા રહેવું એ ઘણું જ અઘરૂં છે. વૃદ્ધાવસ્થામાં જો જીવનસાથી ગુમાવી દીધો હોય તો જીવન જીવવું અત્યંત કઠીન બની જાય છે. જ્યારે ઘરમાં પુત્ર, પુત્રવધુ ને વૃદ્ધ વ્યક્તિ સાથે વાત કરવાનો સમય હોતો નથી ત્યારે તેવી વ્યક્તિઓ મંદિરોમાં જઈને હાથ લાલ થાય ત્યાં સુધી તાળીઓ પાડીને ધૂન કરતી રહે છે. સંયુક્ત પરિવારમાં રહેતા વૃદ્ધો-વદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો કરતા હંમેશા સુખી જ હોય છે. તેવા વહેમમાં રહેવા જેવું નથી. ડગલેને પગલે બધા લોકોની વચ્ચે પણ વૃદ્ધ વ્યક્તિ ભયંકર એકલતા અનુભવતા હોય છે.

જાયે તો જાયે કહા..........!

સુન મેરે બંધુ રે, સુનો મોરે મિતવાસ સુન મેરે સાથી....!

વૃદ્ધાશ્રમમાં મુકવા માટે લઈ જતા પોતાના દીકરાની સામું જોઈને કોઈ મા-બાપને આ જન્મ્યો ત્યારે આને મેં અનાથાશ્રમમાં શા માટે ન મૂક્યો એવો વિચાર આવ્યા વગર રહે ખરો....?

એક પુત્રે પોતાની પત્નીની ચઢામણીને કારણે પોતાની માતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો. થોડા દિવસો બાદ એક રાત્રે સ્ત્રીની આંખ ખૂલી ગઈ. પુત્રની યાદ આવતા જ તેને આશીર્વાદ આપવા ફોન કર્યો. રાત્રિના સમયે પુત્રની ઊંઘમાં ખલેલ પડતા પુત્રે પોતાની માતાને કહ્યું અડધી રાતે ફોન કરીને તે મારી ઊંઘ બગાડી. ત્યારે માતાએ કહ્યું આજથી ત્રીસ વર્ષ પહેલા જ્યારે મેં તને જન્મ આપ્યો ત્યારે મારી તો આખી રાત જ બગડી હતી એ તને યાદ છે બેટા ?

ખરેખર, જો આવું સંતાન પાકે ત્યારે ફક્ત રાત જ નહિ, આખી જીંદગી બગડી જતી હોય છે.

એ વાત સાચી કે વૃદ્ધ વ્યક્તિનો સ્વભાવ થોડો ખરાબ થઈ જતો હોય છે અને ઘરના લોકોને બિનજરૂરી સલાહ - સૂચનો આપીને કચકચ કરતા હોય છે. ત્યારે આપણે એક વાત યાદ રાખવી જોઈએ કે જો આપણે યુવાનીમાં આપણો સ્વભાવ ન બદલી શકીએ તો આ લોકો આ ઉંમરમાં પોતાનો સ્વભાવ કેવી રીતે બદલી શકશે. દરેક વ્યક્તિએ વૃદ્ધ થવાનું છે. આજે એમનો જેવો સ્વભાવ છે તે આપણો કાલે થવાનો જ છે. આવતી કાલે આપણે વૃદ્ધ થઈશું ત્યારે આપણા સંતાનો આપણી સાથે જે રીતે વર્તે એવું આપણે ઈચ્છતા હોઈએ ત્યારે આપણે આપણા માતા-પિતા સાથે સારી રીતે વર્તવું જોઈએ.

બાકી શક્ય છે કે આપણે ભાગે પણ વૃદ્ધાશ્રમનો એ જ રૂપ આવે જેમાં આપણે આપણા મા-બાપને રાખ્યા હતા....!

## કંસારા કૃષ્ણકાંત કાંતિલાલ પરિવાર ખંભાત
## અમારા પરિવારનું ગૌરવનું ગૌરવ

અમારી સુપુત્રી કર્તવી અમિતકુમાર કંસારા, તેણે સફળતાપૂર્વક BBA LLB ની ડિગ્રી ગુજરાત યુનિવર્સિટી (LJ COLLEGE SCHOOL OF LAW AHMEDABAD)થી પૂર્ણ કરેલ છે. ત્યારબાદ internship (online) સુપ્રીમ કોર્ટ દિલ્હીથી પૂર્ણ કરેલ છે.

પિતા : અમિત કૃષ્ણકાંત કંસારા

માતા : ભ્રાંતિ અમિત કંસારા

તથા અમારા પરિવાર માટે ગૌરવની સિદ્ધિ છે

અમારી દીકરીને ઉજવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ આશીર્વાદ



**શુભેચ્છક**

અલ્પેશ કૃષ્ણકાંત કંસારા

અમિત કૃષ્ણકાંત કંસારા

મો. : ૯૮૭૯૦૨૦૧૨૯

વ્રજ અમિત કંસારા

## NIF Mechanical Works Pvt. Ltd.

**SHAILESH KANSARA**
Director

**Block No. 338/1, Behind GIDC, Kabilpore, Ganesh Sisodra - 396463**
**District. Navsari, Gujarat, India**

: **Phone** :
**+91-2637258668 / 250667**

: **Email** :
**shaileshkansara@windwell.com**
**nifgroup@windwell.com**

: **Website** :
**www.windwell.com**

---

અતુલભાઈ ૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ ૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ ૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

## કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

---

Making Things Happen
Reliable Solar

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર

**સોલાર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**

- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**

- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ



**40% સુધી ફાયદો**

અહીં તમારી વિગત ભરો⬇

હમણાં જ સંપર્ક કરો:

+91 9327168907/ 6355519196

કંસારા જયમીન ભાસ્કરભાઇ ફાજલીયા

રીલાએબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ

Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net
SB-11, Gajanand Complex, Opposite Tube Company,
Old Padara Road, Vadodara-390020

---

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002


## Navneet Traders
## નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**


Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# વર્લ્ડ ટુર વેટરન્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે હાર્દિક શુભેચ્છા



સમસ્ત કંસારા સમાજના અગ્રણી  બળવંતભાઈ જગજીવનદાસ કંસારા ઉંમર વર્ષ ૭૬, તાજેતરમાં ૧૯ થી ૨૫ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન **MALDIVES** ખાતે રમાનાર **THODOO MASTER TABLE TENNIS TOURNAMENT** માં ભાગ લેવા માટે આમંત્રણ મળે છે. તેઓ ૭૫ થી ૮૦ વય જૂથમાં ભાગ લેવા માટે જઈ રહેલ છે. તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના પ્રાપ્ત કરી અને સફળતા મેળવે તેવી કંસારા સમાજ તેમને શુભેચ્છા પાઠવે છે.



Thoddoo Local Authority Company
TLAC Office, Raiyvilla Goalhi, AA Thoddoo
09010
+9607506654

TLAC

GST Agency Registration No. 1155794GST501

Date: 29th July 2025

**INVITATION LETTER**

This is to certify that Balvantray Jagjivandas Kansara (Nationality: Indian; Passport number: (T1555294), has registered in first Thoddoo Masters Table Tennis Tournament to take place in Maldives. Hence, we are pleased to extend our invitation to visit Maldives from 19th August onwards.

Organisers will make necessary arrangements for the athlete's visa to Maldives. Organisers are also ensuring all accommodation and logistical arrangements of athletes are in place and are looking forward welcoming the athletes.

Should you require any further information, please feel free to contact us.

Sincerely

Ahmed Asif
Managing Director

અગાઉ તેમને શ્રીલંકા, દોહા-કતાર, તેમજ થાઈલેન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ છે, તદુપરાંત રાજ્યકક્ષા તેમજ રાષ્ટ્રીય કક્ષાએ પણ તેમને ઘણા મેડલો પ્રાપ્ત કરેલ છે તે અંગેના સમાચાર કંસારા ટાઈમ્સમાં અવારનવાર પ્રસિદ્ધ થયેલ છે. તેમની શારીરિક ક્ષમતા અને રમત પ્રત્યેની ધગસ જળવાઈ રહે તેવી શુભકામના.

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કાું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656


## Gravity Instruments
Private Limited

Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

*Best Quality Gift For All Occassions*
We are also the menu. of wall clocks& wall clock hands




## PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia Mo.94262 21810
Depak J. Karathia Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577
www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187
**Mishal P.Meghani**
820-0524436




## Mayur Engineering
**Manufactur**

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids
ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr.,
& 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring,
Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

E-mail : mayurengineering179@gmail.com



**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ માધાપરની સિક્ષિકાએ ગાયનક્ષેત્રે વિરાશદની ડિગ્રી મેળવી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું**

માધાપર શ્રી મારૂ કંસારા સોની સમાજના પૂર્વ પ્રમુખશ્રી નવીનભાઈ હેડાઉના પુત્રવધુ સીમીબેન મયુરભાઈ હેડાઉ એ અખિલ ભારતીય ગાંદર્વ મહાવિદ્યાયય મંડળ મુંબઈ દ્વારા લેવાયેલ વર્ષ ૨૦૨૫ ની અંતિમ પરીક્ષામાં સમગ્ર કચ્છમાંથી પ્રથમ નંબર મેળવી વિશારદની ડિગ્રી મેળવી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું હતું.

આમ ગાયનમાં વિરાશદની ડિગ્રી મેળવનાર તેઓશ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રતમ મહિલા બન્યા હતા. સિમીબેને યોગમાં પણ માસ્ટર ડિગ્રી હાંસલ કરી છે. સીમીબેનને આ સિદ્ધિ બદલ માધપાર જ્ઞાતીના પ્રમુખ શ્રી બિપીનભાઈ પરમાર તેમજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી કામિનીબેન બારમેડા તેમજ જ્ઞાતીના હોદેદારો તેમજ કારોબારી સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા તેમજ તેમના ઉત્તરોત્તર પ્રગતિની મંગલ શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

**ઝાલાવાડ ગુજરાતી કંસારા જ્ઞાતિ સમુહ લગ્ન ટ્રસ્ટ**

વઢવાણસિટી આયોજિત આગામી સમુહ લગ્નનું મુહુર્ત સંવત ૨૦૮૨ મહા સુદ-૭ ને રવિવાર તારીખ ૨૫-૦૧-૨૦૨૬ નાં રોજ આયોજન કરવામાં આવેલ છે. કંસારા જ્ઞાતિના દરેક ગોળ ઘટકના જ્ઞાતિજનો જોડાઈ શકે છે. ૫ કપલથી ઓછી નોંધણી હશે તો વૈકલ્પિક વ્યવસ્થા કરીને પણ લગ્નનું આયોજન થશે નોંધણી માટેની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૨૫ રહેશે.

જણાવેલ તારીખમાં કેટલી નોંધ થાય છે ? તેની જાણકારી મેળવી આયોજન થશે માટે નોંધણી સમયસર કરાવો એક નોંધણી હશે તો પણ સંસ્થાના પ્રતિનિધિઓ સાથે ચર્ચાવિચારણા કરી વૈકલ્પિક વ્યવસ્થા કરી લગ્ન કરાવી આપવામાં આવશે જેની જાણકારી લગ્ન નોંધાવેલ વાલીઓને કરવામાં આવશે.

લી. પ્રમુખ :- શ્યામલાલ પાટડીવાળા હાલ અમદાવાદ - ૭૬૯૮૯૪૪૮૬૯

મંત્રી :- શૈલેષ કડવાણી ધ્રાંગધ્રા - ૯૮૨૫૬૭૮૯૪૮, ૮૧૬૦૧૧૮૦૨૭

સહમંત્રી :- ગુણવંતભાઈ ખાખી - અમદાવાદ - ૯૮૭૯૨૩૫૩૭૮

આ લગ્ન મુહૂર્ત ગોકુલ ગોપાલલાલજી મંદિરની ટિપ્પણી મુજબ જોવડાવી નક્કી કરેલ છે.


**ડૉ. ઉપેન્દ્ર કલાઈગર (M.S.) (સુરત)**
**મો. : ૮૯૮૦૩ ૬૬૩૩૬**


**"પ્રભુ મારી અરજી સ્વીકારજો"**

અજબ ગજનો સ્વભાવ મારો,
સદા ખુશી મજાક, હસાવતો રહું,
સદા હસતો રહું ને હસાવતો રહું.
મુસીબતોની પળેપળમાં પણ હું
સફળતાની સીડી સડસડાટ ચઢી ગયો,
કારણ, મારા મા, બાપ, દાદી,
મારા મા-બાપ, દાદી, મામાઓ,
મારા નાની, પરંતુ મોટા બાની
છત્રછાયા, દુવાઓ, આશીર્વાદ સાથે
તેમણે આપેલા સંસ્કારની મુડી છે.
સુખની આ વાતમાં સવારે ફળ-ફુલોને
રોજ પાન-ફળ, વનરાઈને ઝાંકળથી સ્નાન
કરાવે.
જીંદગીની ચમનમાં ફુલોની સુવાસ છે.
મેં વાવેલા આંબા-આંબલીને
પાંચ ફળો મારી ટોપલીમાં આપ્યા છે.
**મૂડી સાથે વ્યાજ મને વ્હાલુ લાગે છે.**
ઉદાસી, ગમને શા માટે યાદ કરૂં
દુઃખ ભરે દિન બીતરે ભૈયા
અબ સુખ આયો રે,
રંજ ગીવનમેં નયા લાયો રે"
રંગ જવીનમે નયા આધારે..."
મારી લાયકાતથી મુજને પ્રભુ,
સમય કરતા વહેલું અને વધુ
દઈ દીધું. આપી દીધં.
શેષ જીવનમાં આશ છે એટલી
ઉદાર દિલથી દાન કરૂં ને કરાવું,
સમય કાઢી સદા તારૂં સ્મરણ કરું.
**જગમાં કરવાના છે બે કામ**
**કરવી તો માનવ સેવા**
**કરવી તો માનવ સેવા**
**લેવું સદા હરિનું નામ**
**લેવું સદા હરિનું નામ"**
(સંત પુનીત મહારાજ)
હું મારો ભૂતકાળ ભૂલી ગયો
હવે ભવિષ્યની ચિંતા ન કરાવતો
સદા વર્તમાનમાં જીવતો રહું
માનવ સેવા, હરિ સ્મરણ કરતો રહું
માનવ સેવા, હરિ સ્મરણ કરતો રહું
હું તને ન કદાપિ ભૂલું
તું મને ન વિસારતો - ભૂલતો,
તમારી ભક્તિ ભાવથી રોજ
હરિસ્મરણ, કિર્તન, સેવા કરતો રહું.
નામ સ્મરણ, જાપ, ભજન કરતો રહું.
હું સદા તારી સાથે રહું,
**તું પણ સદા મારી સાથે રહેજે.**
**તું પણ સદા મારી સાથે રહેજે.**

**-લિં. ઉપેન્દ્રના સ્નેહવંદન.**

## MATRIMONIAL

Name : Jatin Kamleshkumar Sheth
Date of Birth : 3rd March, 2000
Time of Birth : 03-10 PM
Birth Place : Rajkot
Currently Living : At Mumbai
Qualification : Chartered Accountant, Bachelor of Commerce



Occupation : Deputy Manager at Anand Rathi Wealth Limited - Mumbai
Community : Kansara - Vaishnav

**FAMILY DETAILS**

Father Name : Kamlesh Kunjbihari Sheth
Sales of Ceramic Material of Various Types in Rajkot
Mother Name : Heenaben Kamlshkumar Sheth
Housewife
Brother : Raj Kamleshkumar Sheth
Appered in CA Final Exams in May-25
Grand Parents : Kanjbihari Popatlal Sheth
Bhanuben Kanjbihari Sheth
Popatlal Motichand Sheth
Santaben Popatlal Sheth
Hobbies : Reading Books, Playing Cricket, Exploring Religious Place, Travelling.
Contact : Father : 92282 51261
Choice of Life Partner : Education : Professional
Occupation : Job Working.

## MATRIMONIAL

Name : Javal Rohitkumar Kansara
Father's Name : Rohitkumar Harivallabhadas Kansara
Mother's Name : Jyotsanaben Rohitkumar Kansara
Address : 1419, Kuwa Walo Khancho, Harkishandas Sheth Ni Pole, Mandvi Ni Pole, Manekchowk, Ahmedabad-380001.
Contact No. : 9687037663, 9429129569



Religion : Hindu, Vaishnav.
Date of Birth : 17/10/1991
Time of Birth : 06:30 PM
Birth Place : Ahmedabad
Complexion : Whitish Complextion
Qualitification : B.Com.
Hobbies : Travelling, Music.
Occupation : As An Accountant at Manubhai & Shah LLP., Ahmedabad

**FAMILY BACK GROUND**

Father's Occu. : Business
Mother's Occu. : Housewife.
Sister : 2 Elder Sisters (Married)

## MATRIMONIAL

**PERSONAL DETAILS**

Name : Hitesh Jagdishbhai Sheth
Date of Birth : 31-01-1991
Time of Birth : 08-15 AM
Birth Place : Savarkundla
Height : 5'.5"
Weight : 59 Kg
Status : Unmarried
Netiv Place : Rajkot
Cast : Kansara
Education : M.Sc. (IT)



**PROFESSIONAL DETAILS**


Package : 18 Lacs
Company : G.N. Solutions Pvt. Ltd.
Address : Kothurd, Pune.

**FAMILY DETAILS**

Father's Name : Jagdishbhai Muljibhai Sheth
Mother's Name : Pravinaben Jagdishbhai Sheth
Sister : Roma (Divorced) / Dipika (Unmarried)
Address : "Bombay Silver 2", B – 602, 80 ft. Road, Kuvadava road, Opp. Kranti Manav Seva Trust, Rajkot
Contact : 94274 16266
Mosal : Parmananddas Thakrsibhai Kadvani (SAVARKUNDLA

## MATRIMONIAL

Name : Utsavi Kalpeshkumar Bharuchwala
Date of Birth : 12-02-1992
Time of Birth : 12-00 PM
Birth Place : Surat
Height : 5'3"
Weight : 62 kg
Education : B.E. Electronics and Communication, Surat



Occupation : Schneider Electric, Bangalore, as Firmware Technical Expert.

**FAMILY BACKGROUND**

Father : Kalpesh Chandravadanbhai Bharuchwala, (Retired)
Mother : Asha Kalpeshkumar Bharuchwala, (Housewife)
Elder Brother : Shailin Kalpeshkumar Bharuchwala, Married (M.C.A)
Sister-In-Law : Mausami Shailin Bharuchwala (M.C.A)
Address : 6/572, 4th floor, Tulsi Terrace, Moti Sheri, Gale Mandi, Mahidharpura, Surat.
Contact : Father : 9913328576
Mother : 9081791455
Brother : 8849548251

**About Me :** I have around 11 years of experience as Embedded Software Developer. About Partner preference, I am looking for well-educated, professionally settled, supportive of mutual growth and values family and relationships. I am location-flexible and willing to settle wherever life takes with right person.

# MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Yashesh Ajay Goradia |
| Date of Birth | : 13/10/1991 |
| Time of Birth | : 7.42 pm |
| Place of Birth | : Surat |
| Height | : 5'8" |
| Weight | : 67 kg |
| Caste | : Gujarati Kansara |
| Education | : Masters (University of Pittsburgh) |
| Profession | : Physiotherapist in California (US) |
| Visa | : H1B |
| Father | : Ajay Dalsukhlal Goradia |
| Mobile No. | : 7977754744 |
| Mother | : Jayshree Ajay Goradia |
| Mobile No. | : 8104556360 |
| Maternal Details | : Ramniklal K. Pitalia (Late) WADHWAN<br>Subhadraben R. Pitalia (USA)<br>Mayank R. Pitalia (Late)<br>Amit R. Pitalia (USA) |
| Address | : Happy Home Society, Plot No. 24,<br>2nd Floor, Nehru Road,<br>Vile Parle East,<br>MUMBAI -400 057. |
| Note | : Yashesh has been living in the USA for the past 10 years. Currently he is in India for a four week vacation. |



## અમદાવાદ ખાતે એશિયાનો સૌથી મોટો બ્રાઈડલ ટેલેન્ટ શો યોજાઈ ગયો

અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે તા. ૧૯/૨૦ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ એશિયાનો સૌથી મોટો બ્રાઈડલ ટેલેન્ટ શો યોજાઈ ગયો જેમાં હજારોની સંખ્યામાં મેકઅપ આર્ટિસ્ટો જોડાયા. જેમાં સુપ્રસિદ્ધ ફિલ્મ એક્ટ્રેસ મહિમા ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યા હતા. સાથે ફિલ્મ તેમજ ટીવી જગત તેમજ બ્યૂટી પાર્લર સાથે સંકળાયેલી અનેક નામાંકિત હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. આ એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં મૂળ ભુજ કચ્છના હાલ અમદાવાદ સ્થિત રાધિકા બ્યૂટી પાર્લરના માલિક દિપાબેન સોનીની પણ આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવતા જે કંસારા સમાજ માટે આ ગૌરવ લેવા જેવી બાબત બની હતી.

અગાઉ પણ દિપાબેન અનેક એવોર્ડ મેળવી જ્ઞાતિનું ગૌવ વધાર્યું છે. તેઓ જ્ઞાતિની મેકઅપ ક્ષેત્રમાં કાર્યરત બહેનોને યોગ્ય માર્ગદર્શન મલી રહે તેમજ આવા ટેલેન્ટ શો માં પોતાનું પરફોર્મન્સ બતાવી શકે તે માટે સતત સક્રિય રહેતા હોય છે.

અત્રે એ પણ જણાવી દઈએ કે દિપાબેન ને આગાણી તા. ૨૯/૩૦ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સાયન્સ સિટી અમદાવાદ ખાતે આકાર બ્યૂટી સલૂન એક્સ્પો દ્વારા યોજાનારા બ્યૂટી તેમજ ફેશનની દુનિયાના સૌથી મોટા ૧૧ માં એક્ઝિબિશનમાં પણ ભાગ લેવા આમંત્રણ મળતા તેમાં પણ ભાગ લેવાના છે.

**માતાજીના પરમપ્રિય, ભાવિક સાત્વીક, ભજનીક શ્રી સુબોધભાઈ પંચીગરના પુત્ર સ્વ. જુગલની માતાજીના ચરણમાં શરણાગતી**



**સ્વ. જુગલભાઈ સુબોધભાઈ પંચીગર**

શરણે તારો અંશ આવ્યો
એને અપનાવી લેજે
કોમળ કરતુ મસ્તકે ધરજી
પ્રેમે સ્વીકાર્યો એવું તે કહેજે
તે એને પાછો બોલાવ્યો.
એને અપનાવી લેજે
એને અપનાવી લેજે....

લિ. નંદ મંડળના હરિભક્તો

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

## કાર્યાલયનો મોબાઈલ નંબર

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદના કાર્યાલય / ઓફિસનો મોબાઈલ નંબર 85115 94181 કાર્યરત થઈ ગયેલ છે. જે બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજે ૫-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. તો જ્ઞાતિજનો / સભ્યોએ સંસ્થાના કામકાજ માટે ઉપરોક્ત મોબાઈલ પર સંપર્ક કરી શકાશે.**



**શ્રી હેમતભાઈ કલ્યાણજીભાઈ પરમાર**

મારું કંસારા જ્ઞાતિના અગ્રણી કાર્યકર અને શ્રી સમસ્ત મારુ કંસારા કેળવણી ઉત્તેજક મંડળ જામનગરના પૂર્વ ખજાનચી અને ટ્રસ્ટી હેમતભાઈ કલ્યાણજીભાઈ પરમાર તારીખ ૦૩-૦૮-૨૦૨૫ ના રોજ શ્રી ઠાકોરજી ચરણ પામ્યા છે.

મુરબ્બી શ્રી હેમતભાઈ કંસારા જ્ઞાતિના મારુ કંસારા જ્ઞાતિમાં અને જામનગર મહાકાળી માતા મંદિરમાં વર્ષો સુધી સેવા આપી હતી. તેમને આજીવન જ્ઞાતિના વિદ્યાર્થીઓના અને જ્ઞાતિના વિકાસમાં ભાગ લઈ સમાજને આગળ લઈ યોગદાન આપેલ છે. શ્રી હેમતભાઈની વિદાયથી સમાજને એક પાયાના પથ્થર એવા અગ્રણી કાર્યકરની ખોટ પડેલ છે શ્રી હેમતભાઈની સેવાની વાત કરીએ તો તેમને શ્રી કંસારા સોશિયલ ગૃપ - જામનગરમાં ખજાનચી તરીકે સેવા આપતા તેમજ સમૂહ લગ્ન ઉત્સવ સમિતિના ખજાનચી તરીકે પણ સેવા આપી અને તેમના માર્ગદર્શનમાં સંસ્થાએ ક્યારેય પણ નાણાકીય ખોટ અનુભવવાની જરૂર પડેલ નહીં. તેમનો મૃદુ સ્વભાવ અને માર્મિક ટકોર અને સંસ્થાઓ માટે કંઈક કરી છૂટવાની ભાવના હંમેશને માટે યાદગિરી બની રહેશે.

શ્રી હેમતભાઈની વિદાય તેમના પરિવારને સહન કરવાની શક્તિ આપે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

જયશ્રી કૃષ્ણ

- **શ્રી સમસ્ત મારુ કંસારા કેળવણી ઉત્તેજક મંડળના કારોબારી સભ્યો તથા ટ્રસ્ટી મંડળ.**
- **શ્રી મારુ કંસારા ફાઉન્ડેશન ટ્રસ્ટ કારોબારી સભ્યો તથા ટ્રસ્ટી મંડળ.**
- **શ્રી કંસારા સોશીયલ ગૃપ જામનગર કારોબારી સભ્યો તથા ટ્રસ્ટી મંડળ.**
- **શ્રી સમસ્ત મારુ કંસારા જ્ઞાતિ, જામનગર.**




# શેઠ પરિવારનું ગૌરવ

''उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखए मृगाः ॥

સર્વે જ્ઞાતિજનોને જણાવતા આનંદ થાય છે કે પ્રભુ શ્રી ગોપાલ લાલ મહારાજની અસીમ કૃપા અને વડીલોના આશીર્વાદથી રાજકોટ નિવાસી સ્વ. મહેશભાઈ નગીનભાઈ શેઠ તથા પૂર્વીબેન મહેશભાઈ શેઠની સુપુત્રી ચિ. મહેક મહેશભાઈ શેઠ એ ચાર્ટર્ડ એકાઉન્ટન્સી **(CA)** ની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ છે.

પરીક્ષામાં જવલંત સફળતા બદલ ખૂબ ખૂબ અભિનંદન ! આ તારા અને તારી આસપાસના દરેક માટે અપાર આનંદ અને ગર્વની ક્ષણ છે. તારી મહેનત, સમર્પણ અને નિશ્ચય રંગ લાવ્યો છે, અને તારી સિદ્ધિ જોવી ખરેખર પ્રેરણાદાયક છે.

આ એક પરિપૂર્ણ યાત્રાની શરૂઆત છે, અને ભવિષ્યના તમામ પ્રયાસોમાં વધુ સફળતા મળે તેવી શુભેચ્છા. શીખવા અને પ્રાપ્ત કરવા માટેનો તારો જુસ્સો વધતો રહે, નવી ઊંચાઈઓ તરફ દોરી જાય અને બધા સપનાઓ પૂર્ણ થાય એવી શુભેચ્છા.

**શુભેચ્છક**

મેસર્સ છગન હરજી એન્ડ સન્સ
નગીનદાસ મૂળજીભાઈ શેઠ
ભરતભાઈ નગીનદાસ શેઠ - ૮૧૬૦૩૦૮૯૫૫

મનીષભાઈ નગીનદાસ શેઠ
જીગ્નેશભાઈ નગીનદાસ શેઠ - ૯૪૨૮૨ ૫૬૩૨૭
પૂર્વીબેન મહેશભાઈ શેઠ - ૯૪૨૮૨ ૫૬૬૭૩

**મહેકની આ જવલંત સિદ્ધિ બદલ અમારો પરિવાર ખૂબ ગર્વની લાગણી અનુભવે છે. મહેકે જીવનનો પ્રથમ પડાવ સફળતાપૂર્વક પાર કર્યો છે અને આગળ કારકિર્દીમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરી અને પરિવારનું નામ રોશન કરે તેવી સુભાશિષ સાથે શુભેચ્છા પાઠવીએ છીએ.**

**કંસારા ન્યાલચંદ હરીચંદ પરિવાર, સિહોર**

**રમેશ મેટલ ઇન્ડસ્ટ્રીઝ, સિહોર**

**શ્રી મહાકાળી મેટલ ઇન્ડસ્ટ્રીઝ, સિહોર**

**ક્રિષ્ના મેટલ ઇન્ડસ્ટ્રીઝ, સિહોર**

**Empiric Consultancy, Vadodara**

**ગોરડિયા એન્ડ એસોસિયેટ્સ, મુંબઈ**

**અશોકભાઈ ન્યાલચંદ ગોરડીયા - ૯૭૨૫૦ ૨૫૭૩૫**
**પ્રશાંત ક્રિષ્નાલાલ ગોરડીયા (મામા) - ૯૪૨૯૫ ૮૮૫૯૧**
**હિરેન ક્રિષ્નાલાલ ગોરડીયા (મામા) - ૯૯૨૦૪ ૩૧૦૮૦**

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

**Kansara Modler Limited**
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

**World Class Rollers For The Whole World**

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષો દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સત્તત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦